**પરિપત્ર:**

**વિષય : યુ.જી./પી.જી. અભ્યાસક્રમોની ક્વેરી વાળી માર્કશીટ લેવા બાબત.**

આથી ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી ભવનના અધ્યક્ષશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર્સ ઇન્ચાર્જશ્રીઓ, સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ તથા માન્ય સંસ્થાઓના વડાઓને જણાવવામાં આવે છે કે, આપની સંસ્થાના વિદ્યાર્થીઓની જે કંઈ પણ ક્વેરી વાળી માર્કશીટ અત્રે યુનિવર્સિટી ખાતે પડેલી હોઈ તે વેબ સાઈટ પર આ પરિપત્ર પ્રસિદ્ધ થયાના ૧૦ (દસ) દિવસમાં એટલે કે તા. ૦૭/૧૦/૨૦૨૨ સુધીમાં યુનિવર્સિટી ખાતેથી લઇ જવાની રહેશે.

તમામ કોલેજોએ સૌપ્રથમ યુનિવર્સિટી ખાતેથી સુધારેલી ક્વેરી વાળી નવી માર્કશીટ મેળવી લેવાની રહેશે ત્યારબાદ વિદ્યાર્થી પાસેથી જૂની માર્કશીટ જમા લઇ યુનિવર્સિટી ખાતે ૧૦ દિવસની અંદર જમા કરાવવાની જવાબદારી સંસ્થા/કોલેજની રહેશે. યુનિવર્સિટી ખાતેથી નવી માર્કશીટ મેળવતી વખતે સંસ્થા/કોલેજોએ જૂની માર્કશીટ યુનિવર્સિટી ખાતે ઉપરોક્ત સમયગાળામાં જમા કરાવશે તે અંગેનું બાહેંધરી પત્ર આપવાનું રહેશે.

ડૉ. ડી. એમ. સુખડીયા
પરીક્ષા નિયામક

ક્રમાંક/બીકેએનએમયુ/પરીક્ષા/૧૪૫૪/ ૨૦૨૨

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્નમેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જૂનાગઢ-362263
તા. ૨૮/૦૯/૨૦૨૨

પ્રતિ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી ભવનના અધ્યક્ષશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર્સ ઇન્ચાર્જશ્રીઓ, સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ તથા માન્ય સંસ્થાઓના વડાઓ

નકલ સાદર રવાના:-

1. આઈ.ટી. સેલ. (વેબસાઈટ પર પ્રસિધ્ધ થવા અર્થે.)